ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૧/૨૧-૨૨/ 2278 તારીખ : 31 JUL 2021

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૧/૨૧-૨૨

પ્રતિ,
**મેં.દિલાવર ફાસ્ટનર્સ,**
**જી.આઈ.ડી.સી-૧, પ્લોટ નં-૫,**
**રાજકોટ ભાવનગર રોડ,**
**મું.બાબરા,**
**જી.અમરેલી.**
**મો.નં. ૯૯૭૯૭ ૮૦૭૦૮.**

**વિષય : ગેરવ્યાજબી એવરેજ બિલ મળવા બાબત.**
સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૬/૦૪/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૦/૦૪/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧/૨૧-૨૨/૧૩૨૩ તા.૨૨/૦૪/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧/૨૧-૨૨/૨૦૫૧ તા.૧૨/૦૭/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૨/૦૭/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી-૧, **અમરેલી.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **બાબરા.**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૧૧/૨૧–૨૨ ☜

વાદી :– મેં.દિલાવર ફાસ્ટનર્સ,

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખ:– તા.૨૨/૦૭/૨૦૨૧ ◈

હાજર રહયા :– દેવાંગરાજ એચ.જાની (વાદી ના પાર્ટનર)

પ્રતિવાદી :– શ્રી કે.આર.પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી–૧, અમરેલી
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મેં.દિલાવર ફાસ્ટનર્સ, મું.બાબરા, જી.અમરેલી ની ગેરવ્યાજબી એવરેજ બિલ મળવા બાબત ની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૧/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧/૨૧–૨૨/૧૩૨૩ તા.૨૨/૦૪/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૨/૦૭/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી મેં.દિલાવર ફાસ્ટનર્સ વતી તેમના પાર્ટનર શ્રી દેવાંગરાજ એચ.જાની હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી કે.આર.પરીખ, કાર્યપાલક ઈજનેર,વિભાગીય કચેરી–૧, અમરેલી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**તા.૨૦/૧૧/૨૦૧૮ ની બાબરા પે.વી. કચેરીના ના.ઈ. ને કરેલ રજૂઆત :**

જય ભારત સાથ જણાવવાનું કે, અમારા મકાન માલીક સતારભાઈ સુલેમાનભાઈ સૈયદ ના નામે છે. જેના ગ્રાહક નં–૮૪૧૫૧/૦૨૭૩૪/૩ છે. જેમાં અમોએ લોડ વધારો માંગેલ માટે જુનું મીટર કાઢી નવું મીટર લગાવી ગયેલ. ત્યારબાદ, અમારી મશીનરી ઇન્સ્ટોલ થવામાં ઘણું લેઈટ થયેલ. જયારે, નવા મીટરમાં બિલ આવવાથી ખબર પડી કે, મીટર રીડીગ બતાવતું નથી. પરંતુ, વપરાશ હતો નહી. ત્યારબાદ, અમોએ તા.૨૬/૧૦/૨૦૧૮ ના રોજ ત્યારબાદ, અમોએ તા.૨૯/૧૦/૨૦૧૮ ના રોજ અરજ કરેલ કે, મીટર રીડીગ બતાવતુ નથી. ત્યારબાદ,તા.૨૩/૧૧/૨૦૧૮ ના રોજ એ મીટર બદલી ફરી બીજું મીટર લગાવેલ છે. ત્યારે પણ હજુ અમારો પ્લાન્ટ ચાલુ થયેલ ન હતો. તા.૨૯/૧૧/૨૦૧૮ ના રોજ મીટર લેબ થયેલ.જેમાં મીટર ડીફેકટીવ છે તેવું કીધેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

નવા મીટર માં તા.૨૯/૧૧/૨૦૧૮ ના રોજ બિલ ૦ વપરાશ જ આવેલ, ત્યારે પણ અમારો પ્લાન્ટ શરૂ થયેલ ન હતો(પ્રોડકશન થયેલ નથી) ત્યારબાદ, અમોએ તા.૪/૧૨/૨૦૧૮ ના દિવસે પ્લાન્ટ શરૂ કરેલ. મશીનરી રાઉસ કરવા ચલાવેલ. તથા અમોએ તા.૨૫/૧૨/૨૦૧૮ ના રોજ અમારી પ્રોડકટસ નટ બોલ્ટ વેચાણ કરેલ. જેનું બિલ આ સાથે જોડેલ છે. તથા જેની બાદ બિલ તા.૨૭/૧૨/૨૦૧૮ ના રોજ આવેલ છે. જે અમોએ પૂરૂં ભરપાઈ કરેલ છે, રૂા.૨૩,૭૦૭/–.

ત્યારબાદ, તા.૨૮/૧/૨૦૧૯ ના રોજ રૂા.૨૮,૮૭૬/– નું બિલ આવેલ છે. જે પણ અમોએ ભરપાઈ કરેલ છે. ત્યાર પછી રેગ્યુલર બિલ મુજબ અમોએ ચૂકવણું કરેલ છે. છતાં, રૂા.૩૫,૦૮૦/– ઓડીટ માં બાકી બતાવવાથી અમોને ખોટી ભરપાઈ કરવા જણાવે છે. જે હકીકતમાં ભરવાપાત્ર થતી નથી. તો, આપ સાહેબ ને નમ્ર અરજ છે કે, આ રકમ સુધારો કરી આપવા વિનંતી.

<u>તા.૧૬/૦૩/૨૦૨૧ ની રજૂઆત</u> :

જયભારત સાથ જણાવવાનું કે, અમોને રૂા.૩૫,૦૧૮/– (અંકે રૂપિયા પાંત્રીશ હજાર અઢાર પૂરા) નું એવરેજ બિલ આપેલ છે. જે અમોને શરતચૂક થી આપેલ હોય તેવું લાગે છે.

છતાં, જેની સામે અમોએ રસીદ નં–૫૬૬૩ થી રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દશ હજાર પૂરા) ભરી દીધેલ છે. બાકી રકમ ભરતા પહેલા આપ સાહેબને વિનંતી કે અમારી રજૂઆત એક વખત રૂબરૂ સાંભળો માટે અમોને રૂબરૂ અમારી રજૂઆત કરવાનો મોકો મળે તેવી આપ સાહેબને નમ્ર વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

ઉપરોકત વિષય તેમજ સંદર્ભ ના અનુસંધાને જણાવવાનું કે, શ્રી સતારભાઈ સુલેમાનભાઈ સૈયદ, રે.બાબરા ના ગ્રાહક નં–૮૪૧૫૧૦૨૭૩૪૩ થી ૧૫ કિ.વો. નું NRGP (ઔધોગીક) ના ટેરીફ નું વિજ જોડાણ ધરાવતા હતા. જેમાં, તેઓએ તા.૫/૫/૨૦૧૮ ના રોજ ૧૫ કિ.વો.ના વિજ જોડાણમાં લોડ ૪૫ કિ.વો.વધારી ૬૦ કિ.વો.નું LTMD જોડાણ કરવાની માંગણી કરેલ. જે સંદર્ભે તેઓએ કવોટેશન ના નાણાં તા.૫/૭/૨૦૧૮ ના રોજ ભરપાઈ કરેલ છે. ત્યારબાદ, લોડ વધારો મંજૂર કરી ૬૦ કિ.વો. માટે તા.૧૬/૮/૨૦૧૮ ના રોજ મીટર તથા કેબલ બદલાવીને લોડ વધારો રીલીઝ કરવામાં આવેલ. ત્યારબાદ, ગ્રાહક દ્વારા તા.૩૦/૧૦/૨૦૧૮ ના રોજ મીટર ડિસ્પ્લે બંધ હોવાની અરજી આપવામાં આવેલ હતી. જે અરજી ના આધારે તા.૩/૧૧/૨૦૧૮ ના રોજ ડિસ્પ્લે બંધ વાળુ મીટર બદલાવી આપવામાં આવેલ.

સદર ડિસ્પ્લે બંધ મીટર નં તા.૩/૧/૨૦૧૯ ના રોજ લેબોરેટરી ટેસ્ટીગ કરતા તેમાં પણ મીટર ફોલ્ટી હોઈ MRI કે એકયુચેક મળી શકેલ નથી. સદરહુ મીટર તા.૧૬/૮/૨૦૧૮ ના રોજ મૂકવામાં આવેલ હતું. જે મીટર તા.૩/૧૧/૨૦૧૮ ના રોજ મીટર ચેન્જ પ્રફોર્મા નં–૯૧૦૩૦ મુજબ તા.૩/૧૧/૨૦૧૮ ના કાર્યરત મીટર મૂકવામાં

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

આવેલ. આથી નવું મૂકવામાં આવેલ મીટર નું મીટર રીડીંગ તા.૨૩/૧/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ. જેમાં, મીટર નું શરૂઆત નું રીડીંગ ૫ થી તેમજ હાલનું રીડીંગ ૫૫૬૩ સુધી વપરાશ થયેલ યુનિટ ૫૫૫૮ હોઈ જે મુજબ ૧ દિવસ ના યુનિટ ૬૮.૬૧ થાય છે. આથી, ગ્રાહક નું તા.૧૬/૮/૨૦૧૮ થી તા.૩/૧૧/૨૦૧૮ ના કુલ દિવસો ૭૯ નું વિજ વપરાશ મીટર ડિસ્પ્લે બંધ હોવાને લીધે ૦(ઝીરો) યુનિટ વપરાશનું આપેલ હોઈ, જે ઓડીટ ટીમના ધ્યાને આવતા નિયમ મુજબ મીટર ડિસ્પ્લે બંધ દરમિયાન નું પ્રતિ દિન યુનિટ ૬૮.૬૧ પ્રમાણે દિવસ–૭૧ ના કુલ યુનિટ ૪૮૭૦ યુનિટ નું રકમ રૂા.૩૫,૦૧૮/૯૦ નું આપવામાં આવેલ.

ગ્રાહકે તા.૩૦/૧૦/૨૦૧૮ ના રોજ મીટર માં ડિસ્પ્લે બતાવતી ન હોય, તેમજ નવી મશીનરી શરૂ કરી દીધેલ હોય, જે બાબત ની અરજી પેટા વિભાગીય કચેરી માં આપેલ. તેમજ તા.૨૦/૧૧/૨૦૧૯ ના રોજ બિલમાં બાકી રકમ રૂા.૩૫,૦૮૦/– આવતા હોવા અંગેની અરજી આપેલ. જેમાં, તેઓના જણાવ્યા મુજબ તેમનો પ્લાન્ટ તા.૪/૧૨/૨૦૧૮ ના રોજ શરૂ કરેલ. જે અંગે ખરાઈ થઈ શકે તેમ નથી. આથી, ગ્રાહકને ઉપરોક્ત વિગતે સપ્લાય કોડ–૨૦૧૫ ના કલોઝ નં–૬.૫૮ મુજબ આ બિલ આપવામાં આવેલ છે. જે બિલ નિયમ મુજબ નું તેમજ યોગ્ય અને ન્યાયીક છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર અને તેમના પ્રતિનિધિ શ્રી દેવાંગરાજ એચ.જાની અને સતારભાઈ સુલેમાનભાઈ સૈયદ મે.દિલાવર ફાસ્ટનર્સ બાબરા ગામમાં ૧૫ કિ.વો.નું થ્રી ફેઇઝ NRGP ઔધોગીક વિજ જોડાણ ધરાવતા હતા. જેનો ગ્રાહક નં–૮૪૧૫૧/૦૨૭૩૪/૩ છે.

૩.૨ વાદી અરજદારે તેના ઔધોગીક વિજ જોડાણમાં ૪૫ કિ.વો. નો લોડ વધારો કરી અને તા.૧૬/૮/૨૦૧૮ ના રોજ ૬૦ કિ.વો. નું એલટીએમડી ટેરીફ હેઠળ વિજ જોડાણ કરાવેલ.

૩.૩ પ્રતિવાદી એ વાદી ની માંગણી મુજબ લોડ વધારો કરી અને યોગ્ય કેપેસીટી નું મીટર, કેબલ વગેરે લગાડી તા.૧૬/૮/૨૦૧૮ ના રોજ વાદીનો લોડ વધારો ચાલુ કરેલ. તા.૧૬/૮/૨૦૧૮ ના રોજ નવું મીટર લગાવતા સમયે મીટર નો ડિસ્પ્લે ચાલુ હતો તેમજ મીટર ચાલુ સ્થિતિ માં હતું.

૩.૪ વાદી અરજદારે તેના મીટર ના ડિસ્પ્લે બંધ હોવાની અરજી પ્રતિવાદીને તા.૩૦/૧૦/૨૦૧૮ ના રોજ કરેલ.તેથી પ્રતિવાદીએ વાદીનું મીટર તા.૩/૧૧/૨૦૧૮ ના રોજ બદલાવેલ, જે સમયે મીટર નો ડિસ્પ્લે બંધ હતો.

૩.૫ પ્રતિવાદી એ વાદીને તેઓના બદલાવેલ મીટર ના લેબ પરીક્ષણ માટે તા.૧૫/૧૧/૨૦૧૮, તા.૨૨/૧૧/૨૦૧૮, તથા તા.૨૯/૧૧/૨૦૧૮ ના રોજ હાજર રહેવા માટે જાણ કરેલ. લેબ પરીક્ષણ માં તારીખ આપ્યા મુજબ વાદી હાજર ન રહેવાથી પ્રતિવાદીએ તા.૩/૧/૨૦૧૯ ના રોજ વાદીના મીટર નું એકપક્ષીય લેબ પરીક્ષણ કરેલ. લેબ પરીક્ષણ દરમ્યાન મીટર નો ડિસ્પ્લે બંધ જણાયેલ. તેથી મીટર ડીફેકટીવ ની નોંધ લેબ પરીક્ષણ રીપોર્ટ માં લખવામાં આવેલ, તેમજ મીટર નો MRI ડાઉનલોડ થઈ શકેલ નહી.

૩.૬ તા.૧૬/૮/૨૦૧૮ ( લોડ વધારા માટે લગાડેલ નવું મીટર) થી તા.૩/૧૧/૨૦૧૮ દરમ્યાન વાદીના વિજ સ્થાપન પર લગાડેલ મીટર બંધ હોઈ અને મીટર બદલતા સમયે તેમજ મીટર ટેસ્ટીગ લેબોરેટરી માં મીટરનો ડિસ્પ્લે બંધ હોવાથી પ્રતિવાદી એ વાદીને ૭૧ દિવસ નું એવરેજ વિજ વપરાશ ના યુનિટ ની ગણતરી કરી ૪૮૭૦ યુનિટ ની વિજ વપરાશનું બિલ આપેલ.

૩.૭ પ્રતિવાદીએ તા.૩/૧૧/૨૦૧૮ ના રોજ મીટર બદલાવ્યા પછી વાદીના વિજ સ્થાપન પર થયેલ તા.૩/૧૧/૧૮ થી તા.૨૨/૧/૧૯ દરમિયાન ની ૫૫૫૮ યુનિટ ની વિજ વપરાશ પરથી એક દિવસની વિજ વપરાશ ના યુનિટ ૬૮.૬૧ ની ગણતરી કરી તે મુજબ વાદીને ૬૮.૬૧ × ૭૧ દિવસ = ૪૮૭૦ યુનિટ ની એવરેજ વિજ વપરાશનું રૂા.૩૫,૦૧૮/૯૦ પૈસા ની રકમનું વિજ બિલ આપેલ.

Consumer Grievance Redressal Forum PGVCL Bhavnagar

૩.૮ પ્રતિવાદીએ વાદીના મીટર રીડીગ અને વિજ વપરાશનો રેકર્ડ ૧૪૫ પીઆરટી ફોરમને રજૂ કરેલ છે. તે મુજબ વાદીનું તા.૩/૧૧/૨૦૧૮ ના રોજ મીટર બદલાવ્યા બાદ ૩ માસ સુધીની વિજ વપરાશ નીચે મુજબ છે.

| ક્રમ | સમયગાળો | દિવસ | યુનિટ વિજ વપરાશ | નોંધ |
|---|---|---|---|---|
| ૧ | તા.૩/૧૧/૨૦૧૮ થી તા.૧૯/૧૧/૨૦૧૮ | ૧૬ | ૦૦ | |
| ૨ | તા.૨૦/૧૧/૨૦૧૮ થી તા.૧૮/૧૨/૨૦૧૮ | ૨૯ | ૧૯૯૫ | |
| ૩ | તા.૧૯/૧૨/૨૦૧૮ થી તા.૨૩/૦૧/૨૦૧૯ | ૩૬ | ૩૫૬૩ | |
| | કુલ દિવસ | ૮૧ | ૫૫૫૮ | |

..૬..

મીટર તા.૩/૧૧/૨૦૧૮ ના રોજ વાદીના ૬૦ કિ.વો.ના વિજ સ્થાપન પર મીટર બદલાવ્યા બાદ વાદી ની ૮૧ દિવસ ની વિજ વપરાશ ૫૫૫૮ યુનિટ ની નોંધાયેલ છે તે મુજબ ગણતરી કરતા વાદીની ૧ દિવસની વિજ વપરાશ ૬૮.૬૧ યુનિટની થાય છે. પ્રતિવાદીએ ૬૮.૬૧ ની એક દિવસ ની વિજ વપરાશ ને આધારે ૭૧ દિવસ નું ૪૮૭૦ યુનિટ નું વિજ વપરાશનું બિલ આપેલ છે.

૩.૯ વાદીનું વિજ સ્થાપન પર નો લોડ વધારો ૧૫ કિ.વો. થી ૬૦ કિ.વો. તા.૧૬/૮/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ છે. આમ, તા૧૬/૮/૨૦૧૮ પહેલા વાદીનું વિજ સ્થાપન પરનો લોડ ૧૫ કિ.વો.નો હતો. તેથી સપ્લાય કોડ–૪/૨૦૧૫ ક્લોઝ નં–૬.૫૮ મુજબ વાદીનું મીટર તા.૩/૧૧/૨૦૧૮ ના રોજ બદલાવ્યા પછીની ૩ માસની એવરેજ વિજ વપરાશ ૬૮.૬૧ આવે છે. અને તે મુજબ પ્રતિવાદીએ ૭૧ દિવસ નું ૪૮૭૦ યુનિટ ની એવરેજ વિજ વપરાશ નું બિલ આપેલ છે. જે યોગ્ય છે અને વાદીએ ભરવાપાત્ર છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

## -:: હુકમ ::-

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૯ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(પી.એન.આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કાં.લી.:ભાવનગર.**

તારીખ :– **૨૨/૦૭/૨૦૨૧.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar